# Visit of Chief of Army Staff and Foreign Secretary to Myanmar (October 4-5, 2020)

October 05, 2020

## ચીફ ઑફ આર્મી સ્ટાફ અને વિદેશ સચિવની મ્યાનમારની મુલાકાત (4-5 ઓક્ટોબર, 2020)

ઓક્ટોબર 05, 2020

ચીફ ઑફ આર્મી સ્ટાફ (COAS) જનરલ એમએમ નરવણે, PVSM, AVSM, SM, VSM, ADC, અને વિદેશ સચિવ (FS) હર્ષ વર્ધન શ્રૃંગલાએ 4-5 ઓક્ટોબર, 2020નાં રોજ મ્યાનમારની મુલાકાત લીધી હતી. આ મુલાકાતે તાજેતરનાં વર્ષોમાં નિયમિત ઉચ્ચ-સ્તરની મુલાકાતો અને સંવાદો દ્વારા અંકિત થયેલા દ્વિપક્ષીય સંબંધોમાં જાળવી રાખેલી પ્રગતિની સમીક્ષા કરવાની તક પ્રદાન કરી હતી.

ચીફ ઑફ આર્મી સ્ટાફ અને વિદેશ સચિવ મ્યાનમારનાં સ્ટેટ કાઉન્સિલર ડાઉ આંગ સાન સુ ક્યી અને કમાન્ડર ઈન ચીફ ઑફ ડીફેન્સ સર્વિસીસ સીનિયર જનરલ મિન આંગ હલેઈંગને મળ્યા હતા. ચીફ ઑફ આર્મી સ્ટાફ મ્યાનમાર આર્મ્ડ સર્વિસીસનાં ડેપ્યુટી કમાન્ડર-ઈન-ચીફ વાઈસ સીનિયર જનરલ સો વિનને મળ્યા હતા. વિદેશ સચિવ મ્યાનમારનાં વિદેશ મંત્રાલયનાં કાયમી સચિવ યુ સોએ હાનને મળ્યા હતા. અગાઉ, બન્ને પક્ષોએ 1 ઓક્ટોબર 2020 નાં રોજ વર્ચ્યુઅલ વિદેશ કચેરીનાં પરામર્શો મારફત દ્વિપક્ષીય સહકારનાં ક્ષેત્રોમાં વ્યાપક ચર્ચાઓ કરી હતી.

બન્ને પક્ષો કનેક્ટિવિટી પરિયોજનાઓ, ક્ષમતા નિર્માણ, વિદ્યુત અને ઊર્જામાં તેઓની ભાગીદારી વધુ મજબૂત કરવા, આર્થિક અને વ્યાપાર જોડાણો ગહન કરવા, લોકોથી લોકો વચ્ચેનાં અને સાંસ્કૃતિક આદાન-પ્રદાનોની વધારે સુવિધાઓ પ્રદાન કરવા, અને તમામ ત્રણેય સેવાઓમાં તેઓનાં રક્ષા આદાન-પ્રદાનોનો આધાર બૃહદ કરવા સંમત થયા હતા. કોવિડ-19 મહામારી દ્વારા ઉભા થયેલા પડકારોમાંથી બહાર આવવા સહકાર ગહન કરવા માટે પણ સંમત થયા હતા. ચીફ ઑફ આર્મી સ્ટાફ અને વિદેશ સચિવે મહામારી સામેની લડાઈમાં મ્યાનમારને સહાયતા કરવાની ભારતની કટિબદ્ધતાનાં ચિહ્ન તરીકે મ્યાનમારનાં સ્ટેટ કાઉન્સિલરને રેમડેસિવિરની 3000 શીશીઓ ભેંટ આપી હતી. વિદેશ સચિવે જ્યારે ઉપલબ્ધ બને ત્યારે મ્યાનમારને રસીઓ આપવામાં પ્રાથમિકતા આપવાની ભારતની ઈચ્છા સૂચિત કરી હતી. મ્યાનમારે 31 ડીસેમ્બર 2020 સુધીનાં સમયગાળા માટે જી-20 ઋણ સેવા વિલંબન પહેલ અંતર્ગત ઋણ સેવા પ્રદાન કરવાનાં ભારતનાં નિર્ણયની પ્રશંસા કરી હતી.

બન્ને પક્ષોએ ત્રીપક્ષીય હાઈવે અને કાલાદાન મલ્ટિ-મોડલ ટ્રાન્ઝિટ ટ્રાન્સપોર્ટ પ્રોજેક્ટ જેવી ચાલું ભારતની સહાયતાવાળી આંતરમાળખા પરિયોજનાઓમાં થયેલી પ્રગતિની પણ ચર્ચા કરી હતી. તેઓએ યામેથિન વીમેન્સ પોલિસ એકેડમી, બેઝિક ટેકનિકલ ટ્રેઈનિંગ સ્કૂલનાં નવીનીકરણ જેવી નવી પહેલ પર વહેલાસર કાર્ય શરૂ કરવા પર અને મ્યાનમાર ઈન્સ્ટિટ્યુટ ઑફ ટેકનોલોજી જેવી લાંબા ગાળાની ટકાઉ પરિયોજનાઓ પ્રદાન કરવાનાં

પગલાઓ પર દ્રષ્ટિકોણોનું આદાન-પ્રદાન કર્યું હતું. તેઓ 2021 નાં પ્રથમ ત્રિમાસિકમાં રાખિને રાજ્યમાં સિતવે બંદર કાર્યરત કરવા તરફ કામ કરવા સંમત થયા હતા.

બન્ને પક્ષોએ નોંધ લીધી હતી કે રાખિને સ્ટેટ ડેવલપમેન્ટ પ્રોગ્રામ (RSDP) અંતર્ગત નોંધપાત્ર પ્રગતિ થઈ છે અને કૌશલ્ય તાલિમ કેન્દ્ર સ્થાપિત કરવા સહિત આ પ્રોગ્રામનાં તબક્કા- III અંતર્ગત પરિયોજનાઓનો અંતિમ નિર્ણય પ્રસ્તાવિત કર્યો હતો. આ મુલાકાત દરમિયાન, RSDP અંતર્ગત કૃષિ યંત્રણાનાં નવીનીકરણ પર પરિયોજના સમજૂતિ પર પણ હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. વિદેશ સચિવે વિસ્થાપિત વ્યક્તિઓનાં રાખિને રાજ્યમાં સુરક્ષિત, ટકાઉ અને ઝડપી પરત ફરવાનું સુનિશ્ચિત કરવા માટે ભારતની સહાયતા પાઠવી હતી.

બન્ને પક્ષોએ તેઓનાં સીમા ક્ષેત્રોમાં સુરક્ષા અને સ્થિરતા જાળવી રાખવા બાબતની ચર્ચા કરી હતી અને એકબીજાને પ્રતિકૂળ હોય તેવી પ્રવૃત્તિઓ માટે તેઓનાં સંબંધિત પ્રદેશોનો ઉપયોગ નહીં કરવા દેવાની તેઓની પારસ્પરિક કટિબદ્ધતાનું પુનઃઉચ્ચારણ કર્યું હતું. ભારતીય બળવાખોર જૂથોની 22 કેડરો ભારતને સોંપવા બદલ ભારતીય પક્ષે મ્યાનમારની પ્રશંસા વ્યક્ત કરી હતી.

ભારતે ચિન રાજ્યમાં બ્યાન્યુ/સાર્સિચોક પર સીમા હાટ બ્રિજનાં નિર્માણ માટે 2 મિલિયન યુએસ ડોલરનાં અનુદાનની ઘોષણા કરી હતી જે મિઝોરમ અને મ્યાનમાર વચ્ચે વધારે આર્થિક કનેક્ટિવિટી પ્રદાન કરશે. 31 માર્ચ 2021 સુધી મ્યાનમારથી 1.5 લાક ટન અડદ આયાત કરવા માટેનાં ક્વોટાની પણ જાહેરાત કરવામાં આવી હતી. મ્યિતક્યિનામાં સોફ્ટવેર ડેવલપમેન્ટ અને ટ્રેઈનિંગમાં સેન્ટર ઑફ એક્સેલેન્સનું વર્ચ્યુઅલ ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. વિદેશ સચિવે મ્યાનમારનાં વિદેશ મંત્રાલયનાં કાયમી સચિવ યુ સોએ હાન સાથે નાય પ્યી ટાવમાં એમ્બેસી લાઈઝન ઓફિસનું પણ ઉદ્ઘાટન કર્યું હતું.

મ્યાનમાર પક્ષે 2016 માં આવેલા ભૂકંપમાં ક્ષતિગ્રસ્ત થયેલા બાગાન પેગોડાઓનાં જીર્ણોદ્ધાર અને સંરક્ષણ સહિત સાંસ્કૃતિક વારસાનાં સંરક્ષણમાં ભારતની સહાયતા બદલ પ્રશંસા વ્યક્ત કરી હતી. બન્ને પક્ષોએ લોકમાન્ય તિલકની 100 મી નિર્વાણ જયંતીની યાદગીરીમાં મન્ડલેમાં લોકમાન્ય તિલકની અર્ધ-પ્રતિમા સ્થાપિત કરવાનાં આયોજનોની ચર્ચા કરી હતી કારણ કે મન્ડલેની જેલમાં કેદ હતા ત્યારે લોકમાન્ય તિલકે ભગવત ગીતા પરનો ગ્રંથ ગીતા રહસ્ય લખ્યો હતો. ભારતીય મહાકાવ્યોનું બર્મીઝ ભાષામાં ભાષાંતર કરવા સહિત સાંસ્કૃતિક સહકારનાં અન્ય ક્ષેત્રોની ચર્ચા કરવામાં આવી હતી.

વિદેશ સચિવે 21મી સદીનાં પેંગલોંગ શાંતિ સંમેલનની ચોથી બેઠક સફળતાપૂર્વક યોજવા બદલ મ્યાનમારને અભિનંદન પાઠવ્યા હતા અને મ્યાનમારને તેનાં લોકતાંત્રિક સંક્રમણમાં સહાય કરવા બંધારણવાદ અને સંઘવાદમાં અનુભવ શેર કરવામાં ભારતની સતત સહાયતાની ખાતરી આપી હતી.

ગત કેટલાક વર્ષોમાં, બન્ને દેશોએ દ્વિપક્ષીય જોડાણોમાં નોંધપાત્ર પ્રગતિઓ કરી છે અને તેલ, ગેસ, અને વિદ્યુત, ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ફાર્માસ્યુટિકલ્સમાં નવા રોકાણો સહિત સહકારની નવા શૃંખલાઓની ખોજ કરી છે. બન્ને પક્ષોએ ભારતીય પાવર ગ્રીડ અને મ્યાનમાર ગ્રીડ વચ્ચે હાઈ કેપેસિટી હાઈ વોલ્ટેજ ગ્રિડ ઈન્ટરકનેક્શન

સ્થાપિત કરવાની ચર્ચાઓમાં સામેલ છે. ઉત્તર-પૂર્વિય રાજ્યો અને મ્યાનમાર વચ્ચે લો વોલ્ટેજ રેડિયલ ઈન્ટરકનેક્શન્સ પરની ચર્ચાઓ પણ પ્રગતિમાં છે. મેરિટાઈમ ક્ષેત્ર અને આપત્તિ વ્યવસ્થાપનમાં સહકાર વધારવામાં આવ્યો છે. બન્ને દેશોએ વિવિધ પ્રાંતિય અને બહુપક્ષીય બાબતોમાં પણ સહકાર ચાલું રાખ્યો છે. લેન્ડ બોર્ડર ક્રોસિંગ એગ્રીમેન્ટનાં સફળ અમલીકરણ જેવી પહેલ અને ભારત-મ્યાનમાર-થાઈલેન્ટ ત્રીપક્ષીય મોટર વ્હિકલ્સ એગ્રીમેન્ટ પર ચાલું ચર્ચાઓ આગળ વધી રહી છે.

ચીફ ઑફ આર્મી સ્ટાફ અને વિદેશ સચિવની મ્યાનમારની મુલાકાત બન્ને દેશો તેઓનાં દ્વિપક્ષીય જોડાણોમાં ગતિ જાળવી રાખવાની ઉચ્ચ પ્રાથમિકતા પ્રતિબિંબિત કરે છે.

**નવી દિલ્હી**
**ઓક્ટોબર 05, 2020**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.